
# આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૬૯, માગસર સુદ ૧૧ • તા. ૧૩ ડીસેમ્બર, ૨૦૧૩ • અંક : ૨

૨



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

અમદાવાદ

## પાલીતાણા જશકુંવર ધર્મશાળા ખાતે પેઢી હસ્તકના જિનાલયના પુનઃનિર્માણ માટે ભૂમિપૂજન તા.૨૧-૫-૨૦૧૩ તથા શિલાસ્થાપન સમારોહ (તા.૧૩-૭-૨૦૧૩)





ભૂમિપૂજન-ખનનવિધિ



શિલાસ્થાપન



ઉપસ્થિત અગ્રણી મહાનુભાવો



પૂ. ગુરુભગવંતોના આર્શીવચન

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૨ મૂલ્ય : ₹ ૧૫ વાર્ષિક લવાજમ : ₹ ૫૦

નવા વરસનો નવલો આરંભ
આનંદ સાથે મુબારક હો,
પ્રભુ મહાવીરને ગુરુ ગૌતમ-
સ્વામીનું સુમિરન તારક હો !
જીવનમાં વરસો જોડાતા
પણ હવે થોડું વિચારીએ,
જે વરસો અને પળ વીત છે
એમાં કશુંક કંડારીએ !
મૈત્રીભાવના મોહક સ્વસ્તિક,
પ્રમોદભાવના પુષ્પો હો,
જીવનને મઘમઘતું કરવા
કરુણાભાવની ખૂશબો હો !
માધ્યસ્થ્યભાવના નાજુક સૂરો
છેડીએ મનની સિતાર પર,
વિક્રમ સંવત બે હજાર સિત્તેરનું
વરસ આવ્યું છે દ્વાર પર !

- ભબાવિ

વિ.સ. ૨૦૭૦
(નવ વર્ષ પ્રારંભ)

: પ્રકાશક :

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,**

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**'આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)**

વર્ષ : ૧ | અંક : ૨

પ્રકાશન

વિ.સં. ૨૦૭૦, માગસર સુદ-૧૧ • તા. : ૧૩-૧૨-૨૦૧૩, શુક્રવાર

**પ્રકાશક :**

**નરેશ શંકરલાલ ભટ્ટ** (ડેપ્યુટી જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

**Telefax : (079) 2660 8244**

**E–mail : shree_sangh@yahoo.com**

**મુદ્રક :**

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)

૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧.

મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭ • **E–mail : navneet1177@gmail.com**

## ક્ષમાયાચના

અનિવાર્ય અને અપરિહાર્ય કારણોસર ''આનંદકલ્યાણ''નો આ બીજો અંક આપના સુધી પહોંચાડવામાં વિલંબ થયો છે. અમે આ માટે ક્ષમા માંગીએ છીએ. આશા છે કે બહુ જલદીથી સમગ્ર વ્યવસ્થા સુચારુ ગોઠવાઈ જશે.

# પ્રમુખની કલમે

વિક્રમ સંવત ૨૦૭૦ના મંગલ પ્રારંભે આપને નવવર્ષના અભિનંદન પાઠવતા આપની સાથે થોડીક વાતો કરી લઉં !

આપણી પરંપરાનો શ્રુતવારસો અદ્દભૂત છે આજે ૨૫૪૧ વર્ષ પછી પણ જિનશાસનની જે અવિચ્છિન્ન પરંપરા ચાલી રહી રહી છે તેની પાછળનું જબરદસ્ત બળ છે આ શ્રુત વારસો, આપણા આગમગ્રંથો, આપણા પ્રકરણ ગ્રંથો દાર્શનિક ગ્રંથો, આચાર માર્ગના ગ્રંથો, પ્રાયશ્ચિતના ગ્રંથો, ઉપદેશ અને કથાનુયોગના ગ્રંથો ! સમગ્ર જૈન સાહિત્ય અનેકવિધ રીતે પથરાયેલું છે, આપણા જ્ઞાની મહાપુરૂષો, ગણધર ભગવંતોથી માંડીને મહાન આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વીજી મહારાજે શ્રુતનું અપૂર્વ સર્જન કર્યું છે એ ખરેખર દુનિયાની સહુથી મોટી અજાયબી સમાન છે, કોઈ વિષય બાકી નહી, કોઈ ક્ષેત્ર બાકી નહી – નામ આપો અને એ વિષય ઉપર જૈન પરંપરાના ગ્રંથો જડી આવે !

આમાના અતિ પ્રાચીન આગમ સાહિત્યને સંકલિત કરવાનું ભગીરથ કાર્ય આજથી વરસો પૂર્વ વલ્લભીપુરમાં પરમપૂજ્ય દેવર્ધિગણી ક્ષમાશ્રમણ નામના મહાન શ્રુતધર આચાર્ય ભગવંતે કર્યું ! ૫૦૦ આચાર્ય ભગવંતોને એ સમગ્ર સંકલનના સહભાગી અને  સાક્ષી બનાવ્યા ! અને શ્રુત આલેખનનો એક નવો યુગ આરંભાયો. લખવાની કળા કે લિપિનો વિકાસ તો જૈન પરંપરામાં યુગોથી પ્રવર્તતો હતો. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે સ્વહસ્તે પોતાની મોટી દીકરી બ્રાહ્મીને લિપિ-સ્ક્રિપ્ટ શીખવાડી, જે પાછળથી બ્રાહ્મીલિપિના નામે પ્રખ્યાત થઈ. પણ અધ્યયનની પરંપરા સદીઓથી મૌખિક અને ગુરૂ-શિષ્ય પરંપરાના સ્વાધ્યાયરુપ હતી, જે સમયના પરિવર્તન અને કાળના પ્રવાહ સાથે બદલાઈને લેખનરુપે સંગ્રહિત થઈ. આપણા દીર્ઘદ્રષ્ટા

વડીલોએ એ શ્રુતને લખાવવા માટે પોતાની સંપત્તિ અને શક્તિને કામ લગાડી દીધી ! પરિણામસ્વરૂપે હજારોની સંખ્યામાં ગ્રંથો લિપિબદ્ધ થયા. એ યુગમાં ઉપલબ્ધ તાડપત્રોનો ઉપયોગ થયો અને ગ્રંથો લખાવા માંડ્યા. પૂજ્ય શ્રમણ પરંપરાએ સર્જનનો પરિશ્રમ કર્યો અને આપણી શ્રેષ્ઠી પરંપરાએ આલેખન દ્વારા પોતાની સંપત્તિનું વિસર્જન કરીને એ સર્જનને સંરક્ષણ પ્રદાન કર્યું ! પાટણ, ખંભાત, જૈસલમેર, લીંબડી, રાધનપુર, અમદાવાદ ઉપરાંત ગુજરાતના અને ભારતભરના નગરો-ગામોમાં મોટા મોટા જ્ઞાનભંડારોમાં એ શ્રુત સંગ્રહિત અને સંરક્ષિત બન્યું.

શ્રમણ સંઘે આયોજેલી જ્ઞાનભંડારોની પરંપરા એ ખરેખર બહુ જ દીર્ઘદર્શિતાવાળું આયોજન હતું. સંઘના સ્તરે અને વ્યક્તિગત સ્તરે હસ્તપ્રતોનો મોટો સંગ્રહ સચવાયો. અલબત કાળના પ્રવાહમાં, વિદેશી-વિધર્મી આક્રમણો અને દુષ્કાળ-પૂર તથા કુદરતી હોનારત જેવી પ્રાકૃતિક આપદાઓ અને યુદ્ધ વગેરેના કારણે આપણો એ અદ્દભૂત વારસો ઘણો બધો નષ્ટ પામ્યો ! એ માટે અપણી લાપરવાહી-બેદરકારી પણ એટલી જ કારણભૂત છે. છતાંયે જે બચ્યું છે તે પણ આપણા માટે તો ખૂબ જ છે. જો એને સાચવી લઈએ તો !!

આપણા ઘણા જ્ઞાનભંડરોમાં એ શ્રુતવારસો સચવાયેલો છે. નાના મોટા દરેક સંઘોમાં જ્ઞાનભંડારોની વ્યવસ્થા છે. વ્યક્તિગત સંગ્રહોમાં પણ હસ્તલિખિત સાહિત્યનો સંગ્રહ છે. કેટલાક જ્ઞાનભંડારો બંધ પડ્યા છે. વરસોથી એ કબાટો ખૂલ્યા નથી. હસ્તપત્રોને સાચવતા દાબડાઓ ઉઘડ્યા નથી. આપણે જરા કલ્પના કરીએ કે ન ખૂલેલી, ન ઉઘડેલી એ હસ્તપત્રોની શું હાલત હશે ? પ્રાચીન વારસાને સાચવવા માટેની આપણી આ બેદરકારી, ઉપેક્ષાનું પરિણામ શું આવશે ? સાચી વાત છે કે આ સંગ્રહો જેની પાસે છે. જેના અધિકારમાં છે

એમની માલિકીનો છે પણ આખરે તો આ બધો વૈભવ સકળ શ્રી સંઘનો છે. થોડુંક વિચારીએ, સાથે બેસીને આયોજન કરીએ. આપણા વડીલો, વડવાઓ અને મહાન ધુરંધર શ્રાવકોએ પોતાની અઢળક સંપત્તિનો વ્યય કરીને સર્જેલી, સંગ્રહેલી આ શ્રુત સંપત્તિને હવે વધારે નુકસાન ના થાય, એ જોવાની આપણી પહેલી અને તાત્કાલિક ફરજ છે. આને સાચવવા માટે અત્યારે તો ઘણા બધા વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ છે. ઓછા ખર્ચે, ઓછી મહેનતે ઘણું બધું કાર્ય આ દિશામાં થઈ શકે. સંગ્રહો કોઈએ કોઈને આપી દેવાના નથી – પણ જ્યાં છે ત્યાં એ સચવાય, જળવાય, એ બધાનું સ્કેનિંગ થાય, એની નકલ વૈજ્ઞાનિક રીતે સુરક્ષિત બની જાય. અને એની સમગ્ર માહિતીનું સંકલન થાય, એક Data Bank તૈયાર થઈ જાય. આટલું તો કરવું જ પડશે. આપણું સદ્‌ભાગ્ય છે કે થોડીક સંસ્થાઓ, થોડાક સમર્પિત શ્રાવક ભાઈ-બહેનો, આ કાર્યમાં લાગ્યા છે. આપણા પૂજ્યો પણ આ માટે ચિંતિત છે. પણ હવે આ બધાનું સંકલન કરવાની તાતી આવશ્યકતા છે. છુંટુ છવાયું જે થાય છે એ સંકલિત થાય એ જરૂરી છે.

આ અંગે આપની પાસે જે માહિતી હોય, અમને આપો, આપના વ્યવહારું અને અમલમાં લાવી શકાય એવા સૂચનો અમને મોકલો, આપ સમય, સંપત્તિ, માર્ગદર્શન કઈ રીતે આ કાર્યોમાં સહયોગી બની શકો એની જાણ અમને કરો. પેઢીનો શ્રુત સંરક્ષણ વિભાગ આ માટે જરૂરી તમામ કાર્યો કરવા કટિબધ્ધ છે. સકળ શ્રી સંઘની સેવામાં સહયોગી બનવા સદૈવ તત્પર છે. ઘણી વખતે સંકલનના અભાવે પુનરાવૃતિ ખૂબ થાય છે. એકનું એક કાર્ય ઘણા બધા સ્તરે થયા કરે અને એક બીજાને માહિતી ઉપલબ્ધ ના થાય. મોકળાશ કે પારદર્શિતાના અભાવે પરસ્પર સહયોગી બનવાનું થતું નથી.

આ બધા અંગે થોડુંક ચિંતન કરીએ, વિચારોની આપ-લે કરીએ અને કંઈક નક્કર કરવા તરફ આગળ વધીએ. આપણી પ્રાચીનતા એ આપણી ઓળખ છે. વર્તમાન ભલે વિકાસ માટેનું અનિવાર્ય સાધન છે. પણ આપણી ઓળખ અને આગવાપણા માટે આપણને મળેલો વારસો સાચવવો પડશે ! સમાજ સામે, આપણી સામે ઓળખની કટોકટી (Identity Crisis) ઉભી ના થાય. એ જોવાની આપણી ફરજ છે. સમજણ અને જાણકારીના અભાવે ગ્રંથો નષ્ટ થઈ રહ્યા છે. પાનાઓ પસ્તીમાં જઈ રહ્યા છે.ઘણું બધું વેચાઈ ગયું છે. મખમલ ઉપર સોના રૂપાની જરી કામની ભરત-ગૂંથણની મધ્યકાલીન કારીગરી અને એ કસબના ઉત્તમ નમૂના રૂપ સૈકાઓ જુના છોડ (ચંદરવા-પિછવાઈ) વેચાઈ ગયા, અયોગ્ય હાથોમાં જતા રહ્યા. ઘણબધું બંધ કબાટો કે પટારાઓમાં પડીને નાશ પામી રહ્યું છે. આ બધું ના થાય એ આપણે જ જોવું પડશે !

મારી આપને વિનમ્ર વિનંતી છે કે નવા ઢગલાબંધ સર્જનની સાથે થોડુંક જે સર્જનનું અર્જન આપણને વારસામાં મળ્યું છે એને સાચવી લઈએ. બને તેટલું સુરક્ષિત કરીએ, નહીંતર એ અર્જન વિસર્જન તરફ જશે અને આપણે કહેવાતા દિશાહીન નવસર્જનમાં ખૂંપેલા રહીશું. આપ બધા વડીલ છો, આ વાતની ગંભીરતાથી વાકેફ છો. થોડુંક આ અંગે વિચારજો.

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કઈ પણ કહેવાયું હોય તો સરળ હૃદયે ક્ષમા ચાહું છું. પીડાની અભિવ્યક્તિ ક્યારેક પીડાદાયક પણ થતી હોય છે.

**સંવેગ લાલભાઈ**

**પ્રમુખ**

**શેઠ આણંદજી કલ્યાણજી**

# તીર્થ રક્ષા

શ્વેતાંબર સંઘ અને સમાજની સહનશીલતા, ઉદારતા, ભલમનસાઈને નબળાઈ ગણીને કેટલાક પરિબળો હંમેશા એને પડકારતા રહ્યા છે, વગોવતા રહ્યા છે. અનેક વિવાદાસ્પદ મુદ્દાઓમાં એક છે તીર્થ રક્ષાનો ! કેટલાક આપણા પરમપવિત્ર તીર્થો જે વિવાદનો વિષય રહ્યા છે એમાંનું એક છે સમ્મેતશિખર ! સમયના બદલાતા પરિબળોના કારણે એક જ પ્રભુને માનનારા એક વર્ગ સાથે આપણે સતત સંઘર્ષમાં રહેવું પડે છે. લાખ પ્રયત્નો છતાંયે સમજણ-સહકાર અને સંવાદનું વાતાવરણ સર્જી શકાતું નથી. શક્તિઓ નક્કર સર્જનાત્મક કાર્યોના બદલે નકામી વેડફાય છે. પણ કોઈ અન્ય ઉપાય પણ ક્યાં છે ?

સમ્મેતશિખર સાથે સંબંધિત ઘણા વાતો કાયદાકીય ગૂંચવાડાનો શિકાર બનેલી છે. સીધી સરળ અને ઉકેલી શકાય એવી વાતો- સમસ્યાઓને પણ વધુ ગૂંચવવી, ગૂંચવાયેલી રાખવી, વધવા દેવી, વકરવા દેવી આ બધી વાતો આપણી કાયદાકીય પ્રક્રિયાઓનો હિસ્સો બની ગઈ છે. પૂરા પ્રયત્નો સમાધાન, સુલેહ, શાંતિ અને સંવાદના જ છે છતાંયે આક્રમણ, પડકારો અને ખોટા પ્રવાહોનો પ્રતિવાદ તો કરવો જ પડે ! વધુ પડતી સજ્જનતા કે સારપ ઘણી વખતે દુર્જનતાને ઉશ્કેરે છે, આમંત્રે છે. એવું નીતિશાસ્ત્રનું કહેવું છે.

સમ્મેતશિખર અંગે આ છે કાયદાકીય પરિસ્થિતિની નરી વાસ્તવિકતા !

**<u>તીર્થ રક્ષા તથા વહીવટ માટે હાર્દિક અનુમોદના</u>**

વીશ તીર્થંકર ભગવંતોની નિર્વાણ ભૂમિ પરમ પવિત્ર શ્રી સમ્મેતશિખર તીર્થના જીર્ણોદ્ધાર તથા વ્યવસ્થા સંબંધી તમામ કાર્યવાહી જૈન શ્વેતાંબર સોસાયટી દ્વારા કરવામાં આવે છે. જેની મુખ્ય ઓફીસ કોલકતામાં છે. આ સમગ્ર સોસાયટીનો વહીવટ શેઠશ્રી કમલસિંહજી રામપુરીયાની અધ્યક્ષતામાં થઈ રહ્યો છે. એમના સેવાકાર્યોની અમે ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

# શ્રી સમેતશિખરજી તીર્થની કાયદાકીય સ્થિતિ પરિસ્થિતિનું આકલન કાર્યવાહીની વર્ષવાર તવારીખ

**૧૬મી થી**

**૧૮મી સદી સુધી** : શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન, શેઠ જગતશેઠનું કુટુંબ શ્રી શિખરજી ઉપરના ધર્મસ્થાનકોની વ્યવસ્થા કરતું હતું. (પ્રિવી કાઉન્સીલનો ૧૯૩૩નો નિર્ણય આ બાબતનો પુષ્ટિ કરે છે.)

**૧૭૫૯** શ્રી જગતશેઠે પાલગંજના રાજા પ્રદ્યુમનસિંહની પારસનાથ હીલના રખેવાલ તરીકે નિમણુક કરી અને નવાબ સાહેબને એમને Preferential treatment આપવાની વિનંતી કરી. નવાબ સાહેબે શ્રી જગતશેઠની rent free tenure ની પાલગંજના રાજા ને આપેલી સલાહની પુષ્ટિ કરી.

**૧૭૬૯** જગતશેઠ ખુશાલચંદ તથા નાનાભાઈ સુગાળચંદે શ્વેતાંબર આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીના વરદ હસ્તે તમામ દેરીઓ તથા પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરાવી. (આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી ભગવાન મહાવીરની ૬૬મી પાટ શોભાવતા હતા.)

**૧૭૮૦** પારસનાથ હીલ અંગ્રેજ સરકારે રેકોર્ડ ઓફ રાઈટમાં પાલગંજના રાજાને નામે ચઢાવી દીધો.

**૧૮૨૯** જિલ્લા કલેક્ટરે પારસનાથ હીલ અને મધુબન બન્ને સરકારી રેકોર્ડમાં પાલગંજના રાજાની માલિકીનાં હોવાની નોંધ કરી. પાલગંજની જમીનદારી હોવાનું રેવન્યુ રેકોર્ડ તૈયાર થયો ત્યારથી તકરાર ઊભી થઈ. પાલગંજના રાજાએ તે હક્કનો ઉપયોગ કરતાં તકરાર શરૂ થઈ. કારણ કે શ્વેતાબંર મૂર્તિપૂજક જૈનોએ પારસનાથ હીલ તેમની માલિકીનો જણાવેલ, છતાં તેનો સ્વીકાર ન થયો.

**૧૮૬૦** અંગ્રેજ શાસનમાં બંગળના ગવર્નર દ્વારા પારસનાથ હીલ ઉપર રાજાની પરવાનગી લઈને સેનેટોરીયમ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું. એનાથી જૈન સમાંજમાં ઊહાપોહ થયો અને પાલગંજના રાજા સાથેના સંબંધો બગડ્યા.

**૧૮૬૪** હરકુંવર શેઠાણીએ શિખરજી જઈ જે ભેટ ધરી તેને શ્વેતાંબર વહીવટદારના કર્મચારીઓ પાસેથી રાજના કર્મચારીઓએ છીવની લીધી, જેનાથી ફરીવાર માલિકીની તકરાર શરૂ થઈ અને શ્વેતાંબરોએ ગોવિંદપુરના મદદનીશ કલેક્ટરને ફરિયાદ કરી જે કાઢી નાંખવામાં આવી. શ્વેતાંબર કોઠીના મેનેજરે

દી.મુ. ન. ૨૧/૧૮૬૪નો કેસ કર્યો, જે ચઢાવા કેસ તરીકે પ્રખ્યાત થયો.

**૧૮૬૫** ઉપરોક્ત દાવો કાઢી નાંખવામાં આવ્યો, પરંતુ આંશિક ગ્રાહ્ય રાખવામાં આવ્યો અને ચઢાવાની કિંમત કબુલ રાખવામાં આવી. ત્યારપછી રાજા અને જૈનો વચ્ચે ઘણી તકરારો ચાલી અને ઘણા દીવાની અને ફોજદારી મુકદમા ચાલ્યા. (હાઈકોર્ટે અપીલમાં એ કારણથી કાઢી નાંખ્યો કે કૉઝ ઓફ એક્શન ન હતું.)

**૧૮૬૮** શ્વેતાંબરોએ નવા જીનાલયો અને દેરીઓ બાંધી.

**૧૮૬૮** બંગાળના ગંર્વનરે આ તકરારનું નિવારણ કરવા મિટિંગ બોલાવી અને જૈનોના વિરોધના કારણે મીલીટરી સેનેટોરીયમ બાંધવાનું માંડી વાળવામાં આવ્યું. ચારેક વર્ષ (૧૮૬૪ થી ૧૮૬૮) સુધી સેનેટોરીયમનું બાંધકામ ચાલુ રહ્યું હતું.

**૧૮૭૨** છેવટે શાંતિ જાળવવાના પ્રતિકરૂપે રાજા અને મૂ.પૂ. શ્વેતામ્બરો વચ્ચે કરારનામું કરવામાં આવ્યું અને કરારનામા મુજબ ચઢાવાની વાર્ષિક આવકનો અમુક ભાગ રાજાને આપવાનું નક્કી કરવામાં આવ્યું. તે કરારનામાંથી અલગ અલગ હક અંગેની સમજૂતિ કરવામાં આવી.

**૧૮૭૬** પાલગંજના રાજાએ પારસનાથ હીલની કેટલીક જમીનના હક્કો મિ. પેપી અને મિ. બોદામ જે અગાઉના હઝારીબાગના ડેપ્યુટી કમિશ્નરના પુત્રો હતા તેઓને આપ્યા.

**૧૮૭૬** ૧૮૭૬માં પાલગંજના રાજાએ મિ. બોદામને આશરે ૨,૦૦૦ એકર જમીનનું લીઝ કરી આપ્યું. મિ. બોદામે કતલખાનું સ્થાપવાનું નક્કી કર્યું.

**૧૮૭૮** દેરાસર વગેરેમાં ચઢાવા વગેરે આવે તેની સામે રાજાને દર વર્ષે રૂ. ૧૫૦૦/- આપવાનું નક્કી કરવામાં આવેલ. ચઢાવાની રકમ શ્વેતામ્બરો લે એવું નક્કી કરવામાં આવ્યું. ઉપરના ૧૮૭૨નાં પહેલા કરારનામાના અનુસંધાનમાં આ બીજું કરારનામું કરવામાં આવેલ, જેમાં આ પ્રમાણે સુધારો કરવામાં આવ્યો.

**૧૮૮૧** ફરી વાર સર્વે કરવામાં આવ્યો, તેમાં પાલગંજના રાજાની ઉપરાંત ઝરીયા, નવાગઢ અને કતરાના જમીનદારોની પારસનાથ હીલની માલિકી અને કબજા અંગે સર્વે કરવામાં આવ્યો. કેપ્ટન ડાલ્ટને સર્વે અપીલમાં જાહેર કર્યું કે

પારસનાથ હીલના ભાગ પાડવા નહીં પરંતુ તેને એક જ બ્લોક ગણવો અને પાલગંજની જમીનદારીમાં ગણવો.

**૧૮૮૯** ઉપરોક્ત નિર્ણય સામે દી.મુ.નં.૯/૮૯નો કેસ કરવામાં આવ્યો, જેમાં પાલગંજના રાજાને આવી લીઝ આપવાની કોઈ સત્તા નથી તેવી દાદ માંગવામાં આવી. ખાસ કરીને ૧૮૭૨નું કરારનામું કરી આપ્યા બાદ રાજાને આવી કોઈ સત્તા ન હતી. આ દાવામાં મી. બોદામને પણ પક્ષકાર બનાવવમાં આવ્યા. કલકત્તાના અલીપુર જિલ્લાના જજે આ કેસ ચલાવ્યો, જે બંગાળની હાઈકોર્ટ સુધી ચાલ્યો અને તે કેસમાં પારસનાથ પહાડની પૂજનતીયતા અને પવિત્રતાની સાથે જૈનોની ધાર્મિક લાગણીને માન આપીને મનાઈ હુકમ આપવામાં આવ્યો. અને આ જજમેન્ટ આઈ.એલ.આર. ૨૧ કલકત્તા પેજ **નં. ૧૮૦માં રિપોર્ટ કરવામાં આવ્યું છે. આ જજમેન્ટમાં કહેવામાં આવેલ છે કે દિગંબરોને શ્વેતામ્બરો જેટલો રસ નથી અને દિગંબરો હીલની માલિકીનો દાવો કરતા નથી.** તદુપરાંત દિગંબરો ૧૮૭૨ અને ૧૮૭૮ના કરારમાં સામેલ નથી અને તે લોકોને આ ચુકાદો બંધનકર્તા નથી. આ રીતે દિગંબરોના હક્કને આ જજમેન્ટમાં સ્પર્શવામાં આવ્યો નથી. દિગંબરોના દાવાને રદ કરતા બધી જ ટૂંકો, મંદિરો અને અન્ય સ્થાનો ઉપર વ્યવસ્થા, અધિકાર અને નિયંત્રણ શ્વેતાંબરોનું છે. એવો આદેશ આપ્યો. સાથે જ દિગંબરોને પૂજાના અધિકારો આપ્યા.

**૧૯૦૦** પાલગંજના રાજા અને દિગંબરોએ શ્વેતાંબરો ઉપર પગથીયાઓ તોડી પાડવા માટે કેસ કર્યો કારણ કે તે સમયે તે જગ્યા પાલગંજના રાજાના નામ ઉપર હતી એથી પાલગંજના રાજાની તરફેણમાં શ્વેતાંબરો સામે ચુકાદો આવ્યો.

**૧૯૦૨ દિગંબરોએ પારસનાથ ટૂંકના જીર્ણોદ્ધાર વખતે દાવા નં. ૫/૧૯૦૨નો કેસ** કર્યો, જે પ્રતિષ્ઠા કેસ તરીકે ઓળખાય છે, જેમાં **શ્વેતાંબરોને પગલાની જગ્યાએ પાર્શ્વનાથની મૂર્તિ મૂકતા અટકાવવાની દાદ માંગેલ હતી.** છેવટે આ કેસ પાછો ખેંચવામાં આવ્યો.

કેસના ચુકાદામાં વિદ્વાન ન્યાયમૂર્તિએ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે આ બધા પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે જે ચરણોને કારણે વિવાદ થયો હતો તે શ્વેતાંબરો

દ્વારા જ પર્વતના શિખર ઉપર સ્થાપવામાં આવ્યા છે. દિગમ્બરોને આ મૂળ ચરણ સાથે કોઈ નિસ્બત નથી. હકીકતમાં પહાડ ઉપરથી દેરીઓને જ્યારે પણ વિજળી અથવા ઘસારાના કારણે નુકસાન થયું છે ત્યારે તેનું સમારકામ શ્વેતાંબર સંઘે જ કરાવ્યું છે. દિગમ્બરોએ આ તીર્થના કોઈ મંદિર, ચરણ કે મૂર્તિ ઉપર પોતાના માલિકી હક્કો ક્યારેય ભોગવટો કર્યો હોય તેવું જાણમાં નથી. એટલે આશ્ચર્ય નથી કે દિગમ્બરોએ પોતે પોતાનો કેસ પાછો ખેંચી લીધો.

**૧૯૦૨** પાલગંજની મિલકત એનકમ્બર્ડ એસ્ટેટ (બોજાવાળી જગ્યા) જાહેર થઈ. ત્યારપછી સેનેટોરીયમ બાંધવા માટે લીઝ આપવાનું જાહેર થયું, પરંતુ બન્ને જૈન ફીરકાઓએ સરકાર સામે પોતાનો વાંધો નોંધાવ્યો.

**૧૯૦૭** બંગાળના ગવર્નરે જગ્યાની મુલાકાત લીધી અને મધુવનમાં દરબાર ભરવામાં આવ્યો, જેમાં બંને જૈન શાખાઓને બોલાવવામાં આવી, જેમાં સરકારે જાહેર કર્યું કે પારસનાથ પર્વતની પવિત્રતા માટે જો જૈનો ઇચ્છે તો રાજા પાસેથી એને ખરીદી લે. બંને પક્ષોએ રાજા પાસે ખરીદી લેવાની ઇચ્છા વ્યક્ત કરી.

**૧૯૦૮**માં દિગમ્બરોએ પાલગંજના રાજા ઉપર કેસ કર્યો કે શિખરજી અમને જ આપવું જોઈએ. દિગમ્બરોએ શિખરજી ખરીદવના કેસના ૧૯૨૪માં લાંબી તપાસ બાદ સરકારે દિગમ્બરોને લીઝ આપવામાં ના કહી અને શ્વેતાંબરોને ખરીદવાની રજા આપી.

**૧૯૧૦ ઇન્ડિયા ગવર્નમેન્ટના** હુકમથી દિગંબરોને લીઝ આપવામાં ન આવ્યું.

**૧૯૧૨**માં શેઠ આણંદજી કલ્યાણજીએ ભારતભરના સંઘોની સભા ભરી શિખરજીના હક્કો ખરીદવાનું ઠરાવ્યું.

**૧૯૧૩** ઉપરોક્ત કારણે દિગંબરોએ દાવા નં. ૨૭૫/૧૯૧૩નો કેસ કર્યો. તે દાવો ત્યારબાદ રદ કરવામાં આવ્યો.

**૧૯૧૪** માં પ્રિવી કાઉન્સીલના ચુકાદામાં નોંધ્યું કે વર્તમાનની બધી ટૂંકો અને બધા જિનાલયોનો કબજો અને વહીવટ શ્વેતાંબરોનો છે. પ્રિવી કાઉન્સીલે દિગમ્બરોનો કેસ કાઢી નાંખ્યો.

**૧૯૧૪** શ્વેતાંબરોએ ૧૯૫૩ના સરકારી નોટીફીકેશનને સુપ્રિમ કોર્ટમાં રીટ કરી પડકાર્યું. વાટાઘાટ પછી, જરૂર પડ્યે હાઈકોર્ટમાં ભવિષ્યમાં દાખલ કરવાની પરવાનગી પછી રીટ પાછી ખેંચી.

**૧૯૧૪** દિગંબરોએ પણ શ્વેતાંબરો સામે દાવા નં. ૪/૧૪નો કેસ કર્યો, જેમાં શ્વેતાંબરની વિરુદ્ધની દાદ માંગેલ. શ્વેતાંબરોએ દિગંબરોના પૂજાના અધિકારોને રદ કરવાનો દાવો કર્યો. આ કેસ પૂજા કેસના નામે જાણીતો છે. પ્રિવી કાઉન્સિલે ૧૯૨૫ના વર્ષમાં પોતાના નિર્ણયમાં શ્વેતાંબરના અધિકારોને અક્ષુણ્ણ રાખતાં દિગંબરોને વીસ તીર્થંકરોની ટૂંકો, અને ગૌતમસ્વામીની ટૂંકમાં પૂજાના અધિકારોની પુષ્ટિ કરી.

**૧૯૧૮** પાલગંજના રાજા પાસેથી ભારત સરકારની મંજૂરીથી આણંદજી કલ્યાણજી પેઢીએ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના હિતમાં પારસનાથ પર્વતને રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદી લીધો.

**૧૯૨૦** દિગંબરોએ દાવા નં. ૨૦૧/૨૦નો કેસ કર્યો, જેમાં રાજાએ તેમને સાથ આપ્યો. તેમાં મૂ.પૂ. શ્વેતાંબરોએ કરાવી લીધેલ વેચાણ ગેરકાયદેસર જાહેર કરવાની દાદ માંગેલ. આ કેસ પ્રિવી કાઉન્સિલ સુધી ચાલ્યો અને તમામ ન્યાયાલયોએ શ્વેતાંબરોના પક્ષમાં ખરીદ દસ્તાવેજ વગેરેને સાચા ઠેરવતા દિગંબરોના દાવાઓ રદ કર્યા હતા.

**૧૯૨૦** દિગંબરોએ દાવા નં. ૨૫૬/૨૦નો મનાઈ માટેનો કેસ કરેલ, જે દાવો પ્રિવી કાઉન્સિલ સુધી ચાલ્યો. તેનો નિર્ણય એ.આઈ.આર. ૧૯૩૩ પ્રિવી કાઉન્સીલ પાના નં. ૧૯૩માં રિપોર્ટ થયેલ છે. દિગંબરોએ શ્વેતાંબરો ઉપર નિયંત્રણો મૂકવા દાવો કરેલ, પરંતુ તે નિષ્ફળ ગયેલ.

પ્રિવી કાઉન્સિલનાં ચૂકાદાથી શ્વેતાંબરોનાં હક્કો માન્ય રહ્યા. આ જજમેન્ટ પછી હવે કોઈ તકરાર હતી નહીં.

પ્રિવી કાઉન્સિલે આ કેસમાં નિર્ણય આપ્યો કે શ્વેતાંબરો કે જે હંમેશાંથી પર્વત ઉપર સ્થિત મંદિરોની વ્યવસ્થા કરતા આવ્યા છે, એમણે ૧૯૧૮માં રાજાની મિલ્કતના અધિકારો (માલિકી હક) ખરીદી લીધા છે માટે એમની માલિકી,

નિયંત્રણ અને વ્યવસ્થાના અધિકાર ઉપર કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. આ તથ્ય પણ નોંધવામાં આવ્યું કે ૧૬મી થી ૧૮મી સદી દરમ્યાન આની વ્યવસ્થા મુરાદાબાદના શ્વેતાંબર જગતશેઠ કરતા હતા. અલબત્ત, દિગંબરોને પણ પૂજાનો અધિકાર એકવીશ ટૂંકો ઉપર છે. માટે એ ટૂંકોને શ્વેતાંબરોએ એ જ રૂપે રાખવી પડશે.

**૧૯૪૭** બિહાર સરકારે પારસનાથ પહાડને બિહાર ખાનગી વન અધિનિયમની અન્તર્ગત સંરક્ષિત વન ઘોષિત કર્યું. શ્વેતાંબરોએ આનો વિરોધ કર્યો.

**૧૯૫૦** બિહાર લેન્ડ રીફોર્મ એક્ટ ૧૯૫૦ અમલમાં આવ્યો.

**૧૯૫૨** બિહાર સરકારે શ્વેતાંબરોની પારસનાથ પર્વતની માલિકીને મંજુર રાખતા અને પવિત્રતાની રક્ષા માટે શ્વેતાંબરો સાથે સમાધાન કર્યું.

**૧૯૫૩** બિહાર લેન્ડ રીફોર્મ એક્ટ હેઠળ બિહાર સરકારે તા. ૨/૫/૫૩ ના રોજ જાહેરનામું બહાર પાડ્યું. જેમાં પારસનાથ હીલ રાજ્ય સરકારના નિહિત થયેલ જાહેર કરવામાં આવ્યો. મૂ.પૂ. શ્વેતાંબરોએ તેની સામે વાંધો લીધેલ અને સરકાર સાથે વાટાઘાટો ચાલુ કરી. તેના વિષે કેટલાંક પત્રવ્યવહાર પણ ચાલ્યા.

**૧૯૬૧** શ્વેતાંબરોએ ૧૯૫૬ થી ૧૯૬૧ સુધી ચાલેલા જિર્ણોદ્ધાર પછી બધી ચરણ પાદુકાઓની પ્રતિષ્ઠા કરી.

**૫/૨/૧૯૬૫** સરકાર અને મૂ.પૂ. શ્વેતાંબરો વચ્ચે કરાર કરવામાં આવ્યો.

**૫/૮/૧૯૬૬** સરકાર અને દિગંબરો વચ્ચે એક કરાર કરવામાં આવ્યો.

**૧૯૬૬-૬૭** દિગંબરોએ પ્લોટ નં. ૬૭ ઉપર બાંધકામ કરવા પ્રયત્ન શરૂ કર્યો.

**૧૯૬૭** દિગંબરોએ પારસનાથ પર્વત ઉપર અતિક્રમણ કરીને નિર્માણ કાર્ય આરંભ્યુ. જેનો શ્વેતાંબરોએ વિરોધ કર્યો તથા ન્યાયાલયમાં કેસ દાખલ કરીને પ્રાર્થના કરી કે દિગંબરોને પારસનાથ પર્વત ઉપર નિર્માણ કરવાનો અધિકાર નથી. એવું જાહેર કરવામાં આવે.

**૧૯૬૮** દિગંબરોએ એક કેસ દાખલ કરીને ન્યાયાલયમાં માંગણી કરી કે રાજ્ય સરકાર સાથેનો શ્વેતાંબરોની ૧૯૬૭ની સમજૂતી રદ કરવામાં આવે. ઉપર્યુક્ત બાબતમાં રાજ્ય સરકારે પોતાના હલકનામામાં કહ્યું કે પારસનાથ પર્વત ઉપર સ્થિત ટૂંકો અને મંદિરો તથા અડધા માઈલનો વિસ્તાર શ્વેતાંબરોના અધિકારમાં અને વ્યવસ્થા હેઠળ છે.

**૧૯૯૦** દિગંબરોએ ઉપર્યુક્ત કેસની સુનવણી વખતે ન્યાયાલયને લેખિતરૂપે જણાવ્યું કે Digambar are prepared irrespective of merit of the matter to leave the management of Shrine in the hands of the Shwetambers.

**૩-૩-૧૯૯૦** ગિરિડીહ ન્યાયાલયે પોતાના ન્યાયનિર્ણયમાં નીચે પ્રમાણે ચુકાદાઓ આવ્યા.

(૧) પારસનાથ પર્વત રાજ્યસરકારનો ૨-૫-૧૯૫૩નો અધિસૂચનામાં નિહત છે.

(૨) રાજ્ય સરકાર અને શ્વેતાંબરોની સમજૂતિ માત્ર આવકની ભાગીદારીના અંશાશીવાય કાયદાકીય પ્રાવધાનોને અનુરુપ અને સાચી છે.

(૩) આ તથ્ય તમામ પક્ષોને સ્વીકાર્ય છે કે પારસનાથ પર્વત ઉપર સ્થિત ટૂંકો અને મંદિરોનો અને એનાથી સંબંધ અડધા માઈલના ભૂખંડના કબ્જો તથા વ્યવસ્થા શ્વેતાંબરોના હસ્તક છે.

(૪) દિગંબરોને એક ધર્મશાળાની આવશ્યકતા છે જેના ભૂખંડ માટે એઓ શ્વેતાંબરોને અનુમતિપત્ર આપશે અને શ્વેતાંબર એમને અનુમતિ આપશે.

(૫) શ્વેતાંબરોની સંમતિ સિવાય દિગંબરોથી કોઈ બાંધકામ થઈ શકે નહી

(**નોંધ :** તમામ પક્ષો આ નિર્ણયના જુદા જુદા વિભાગોથી અસંતુષ્ટ હતા અને તત્કાલીન પટના ઉચ્ચ ન્યાયાલયની રાંચી શાખામાં બધાએ અપીલ દાયર કરી.)

**૧-૭-૧૯૯૭** પટના ઉચ્ચ ન્યાયાલયની રાંચી બ્રાંચે શ્વેતાંબરોની અપીલ રદ કરી અને દિગંબરોની અપીલને અંશતઃ સ્વીકારતા જાહેર કર્યું કે, રાજ્ય સરકાર અને શ્વેતાંબરોની ૫-૨-૧૯૬૫ની સમજૂતી ગેરકાયદે છે. ઉચ્ચ ન્યાયાલય

પોતાના નિર્ણયમાં સ્પષ્ટરૂપે કહ્યું કે જિલાધીશે અર્થાત્ રાજ્ય સરકારે પારસનાથ પર્વતના શિખર ઉપર અડધા માઈલના ક્ષેત્રનો કબ્જો લીધો નથી.અને એમ પણ કહ્યું કે પર્વત ઉપર કોઈપણ જૈનોનો અધિકાર નથી. બધુજ સરકારનું છે.

૨૪-૮-૨૦૦૪ ઝારખંડ ઉચ્ચ ન્યાયાલયની સમગ્ર પીઠે પોતાના નિર્ણયમાં જાહેર કર્યું કે

(૧) પ્રિવી કાઉન્સિલે દિગંબરોનો વ્યવસ્થામાં ભાગીદારીનો દાવો સ્વીકાર્યો નહોતો અને ઘોષિત કરેલું કે વ્યવસ્થા શ્વેતાંબરોની છે.

(૨) પ્રિવી કાઉન્સિલના નિર્ણય મુજબ ઘોષિત શ્વેતાંબરોની વ્યવસ્થામાં વર્તમાન વિવાદના આરંભ પહેલા કોઈ બદલાવ આવ્યો નથી.

(૩) પારસનાથ પર્વતનો ખેવટ નં.-૭, રકબા ૦.૮૬ એકર જમીન (ભૂખંડ) જેના ઉપર ટૂંકો, મંદિરો વગેરે છે. રાજ્ય સરકારના ભૂમિ સુધાર અધિનિયમ અન્તર્ગત એ બધું આવી ના શકે. કારણ કે આ જૈનોનું પૂજનીય સ્થળ છે. એ સિવાયનો પહાડ રાજ્ય સરકારમાં આવે છે.

(૪) શ્વેતાંબરો અને રાજ્ય સરકાર, દિગંબરો અને રાજ્ય સરકાર વચ્ચે થયેલા સમાધાનો ગેરકાયદેસરના છે.

(૫) લાંબા વિવાદને જોતા રાજ્યસરકાર વ્યવસ્થા.પ્રબંધન કમિટિનું ગઠન કરે અને સલાહ આપી કે વ્યવસ્થા માટે 'ગુરુવાયુર દેવાશ્રમ' અધિનિયમની જેમ કાયદો લાવે.

**૨૦૦૫** શ્વેતાંબર-દિગંબરો બંનેએ આ નિર્ણયને સર્વોચ્ચ ન્યાયાલયમાં પડકાર્યો.

શ્વેતાંબરોએ પોતાના દાવામાં સર્વોચ્ચ ન્યાયાલયને બતાવ્યું કે સમગ્ર પારસનાથ પર્વત પૂજનીય છે. પહેલાનાના ન્યાયાલયોએ પણ આનો સ્વીકાર કર્યો છે. માટે ઉચ્ચ ન્યાયાલય દ્વારા સમગ્ર પર્વતના સ્થાને માત્ર ૦.૮૬ એકડ (અર્થાત્ ખેવટ નં. ૭) ને પૂજનીય સ્થળ ઘોષિત કરવું એ ભારતીય સંવિધાનની ધાર્મિક સ્વતંત્રતાની અવધારણાથી વિરુદ્ધ છે. રાજ્ય સરકાર સાથે થયેલ સમજૂતિ ન્યાય સંગત અને

ન્યાય સંમત છે તથા કાર્યાન્વિત થઈ ગઈ છે. કમિટિની નિમણુંકનો નિર્દેશ બંધારણીય પ્રાવધાનોથી વિપરીત છે.

દિગંબરોએ પોતાના દાવામાં નવાઈ પમાડે એ રીતે કહ્યું કે ઉચ્ચ ન્યાયાલયનો નિર્ણય કે ૦.૮૬ એકડ જૈન માટે પૂજનીય છે તથા રાજ્ય સરકારમાં સમાવી ના શકાય. એ ખોટું છે એમના મુજબ ટૂંકો અને મંદિરોવાળી આ જમીન પણ રાજ્યસરકારમાં આવે છે.

૩૦-૮-૨૦૦૬ શ્વેતાંબરોના આવેદન પર સર્વોચ્ચ ન્યાયાલયે વ્યવસ્થા માટે રાજ્યસરકાર દ્વારા કમિટિની નિમણુંક ઉપર રોક લગાવી. જે રોક હજુ પણ ચાલુ છે.

૭-૮-૨૦૦૯ સર્વોચ્ચ ન્યાયાલયે ઉપર્યુક્ત દાવાઓને સુનવણી માટે સ્વીકાર્યા.

## હાર્દિક અનુમોદના

શ્રી ગિરનાર મહાતીર્થની તળેટી ખાતે શ્રી દેવચંદ લક્ષ્મીચંદ જૈન પેઢી હસ્તક શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા નિર્મિત થનાર ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, સંકુલ વગેરેના નિર્માણ કાર્યો તથા નિભાવ અંગેના લાભ શ્રીમતિ કાંતાબેન રસિકલાલ શાહ ચેરિટેબલ-ટ્રસ્ટ, નાસિક તરફથી લેવામાં આવ્યો છે.

આ માટે ટ્રસ્ટ તથા એમના કાર્યવાહકોની ભૂરિ ભૂરિ અનુમોદના સાથે પેઢી તરફથી ખૂબ- ખૂબ ધન્યવાદ !

'આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

# ગંગામા

*- કુમારપાળ દેસાઈ*

ગુજરાતની મહાજન પરંપરાનો તેજસ્વી ઈતિહાસ છે અને તેમાં પણ અમદાવાદના નગરશેઠની તો ભવ્ય અને ઉજ્વળ પરંપરા જોવા મળે છે. જિનશાસનની કીર્તિગાથાનું આ એક યશસ્વી પ્રકરણ છે. શેઠ શાંતિદાસની કુનેહ, ઉદારતા અને ધર્મપરાયણતા એમના વારસામાં ઊતરી આવી. માત્ર નગરશેઠ જ નહીં, પરંતુ હરકુંવર શેઠાણી, ગંગામા, મોહિનાબા જેવા આ કુટુંબના નારીરત્નોએ ધર્મ અને સમાજમાં આગવો પ્રભાવ પાથર્યો હતો. શેઠ દલપતભાઈના પત્ની ગંગાબહેન અનેકવિધ ધર્મકાર્યોમાં સદાય અગ્રેસર રહેતા હતાં. વિ.સં. ૧૯૨૧માં શેઠશ્રી દલપતભાઈએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના છ'રિ પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. પૂજ્ય મૂળચંદ્રજી મહારાજ આ સંઘ સાથે હતા અને એ સમયે પૂજ્ય વૃદ્ધિચંદજી મહારાજ પાલિતાણાથી ભાવનગર પધાર્યા હતા. આ સંઘમાં ગંગામાએ સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચમાં અને શ્રાવક-શ્રાવિકાઓની સાધર્મિક ભક્તિમાં અઢળક ધન તો ખર્ચ્યું. પરંતુ એની પાછળ પોતાની જાત પણ ઘસી નાંખી. ચારે પ્રકારના સંઘની ગરિમા વહન કરતા ગંગામા ધર્મમાતા સમાન હતા. સહુ કોઈને એમની પાસેથી માતાની મમતા, વાત્સલ્ય અને સેવા મળતાં હતાં અને તેથી જ તેઓ ગંગામા તરીકે ઓળખાતા હતા. એમની ઉદારતા જોઈને સહુને આબુ ઉપર અક્ષયકીર્તિ સમા દેવાલયો બધાવનાર અનુપમાદેવીનું સ્મરણ થતું હતું. વિ.સં. ૧૯૬૭ના કારતક વદ ૯થી માગસર વદ ૧૦ને રવિવાર સુધી અમદાવાદના ચારેય સંઘને અમદાવાદની શહેરયાત્રા કરાવી. આ ધર્મપ્રસંગ એટલો વિરલ હતો કે મુનિરાજ શ્રી રત્નવિજયજી મહારાજે આ ધર્મયાત્રાનું વર્ણવતું ભાવવાહી સ્તવન રચ્યું હતું.

એક વાર ગંગામા આચાર્યશ્રી નેમીસૂરિશ્વજી મ.સા.નું વ્યાખ્યાન સાંભળતા હતા. આ સમયે શાસનસમ્રાટ આચાર્યશ્રીએ એમની સિંહગર્જનાભરી વાણીમાં તીર્થરક્ષાના મહત્ત્વ અંગે વિસ્તૃત વિવરણ કર્યું. ગંગામાના ચિત્તમાં આનાથી ઉલ્કાપાત જાગ્યો એ સમયે પરમ પવિત્ર સમેતશિખરજી પહાડ પર અંગ્રેજો શિકારીઓ અને સહેલાણીઓ માટે એક ગેસ્ટ હાઉસ બાંધી રહ્યા હતા.

ગંગામાનું ચિત્ત વિચારે ચડ્યું, અનેક તીર્થંકરો અને મુનિગણોની તપોભૂમિ અને નિર્વાણભૂમિની આવી અશાતના ! કેવી પાવન છે આ તીર્થભૂમિ કે જ્યાંથી વીસ તીર્થંકર પરમાત્માઓ અને અનેક મુનિગણો તપશ્ચર્યા કરતાં મોક્ષે સિધાવ્યા છે ! કેવી પાવનભૂમિ પર અંગ્રેજી સહેલાણીઓ માટે મોજશોખ, શિકાર, આનંદપ્રમોદ, માંસાહાર, મદિરા અને અભક્ષ્ય ભોજનનું અતિથિગૃહ ? ગંગામા મનોમન પ્રભુ પાર્શ્વનાથની પ્રાર્થના કરવા લાગ્યા. શ્રી સમેતશિખર પર્વત પર શ્રી પાર્શ્વનાથ પર્વત તરીકે જાણીતો હતો. આ આપત્તિમાંથી ઉગારવા માટે ગંગામા પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ગાવા લાગ્યા.

ગંગામાને પોતાના વીર પૂર્વજોનું સ્મરણ થયું. શેઠ શાંતિદાસે તીર્થરક્ષા માટે ધર્મઝનૂની એવા ઔરંગઝેબને નમાવ્યો હતો. ગંગામાના પુત્ર લાલભાઈ ભોજન માટે આવ્યા ત્યારે ગંગામાએ એમની થાળીમાં બંગડીઓ પીરસી. લાલભાઈ આનો અર્થ સમજી શક્યા નહીં ત્યારે ગંગામાં એ કહ્યું,

"આચાર્ય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ તીર્થરક્ષા કાજે વ્યથિત છે ત્યારે તમે નગરશેઠ હોવા છતાં કશું કરતા નથી. આવા નિષ્ક્રિય જ રહેવાના હો તો આ બંગડી પહેરી લો અને મને તમારી સત્તા આપી દો. હું તીર્થરક્ષા માટે મારા પ્રાણની આહુતિ આપવા તૈયાર છું."

માતાના પુણ્યપ્રકોપે લાલભાઈમાં જુસ્સો જગાડ્યો. પુત્રના વીરત્વને માતાની વાણીએ જાગૃત કર્યું. એમણે અંગ્રેજ સરકાર સામે પ્રચંડ વિરોધ નોંધાવ્યો અને ગેસ્ટ હાઉસનું બાંધકામ બંધ રખાવ્યું.

ગંગામાં સાધુ-સાધ્વીઓને અગાધ આદર આપતાં હતાં. સાથોસાથ પાંચ મહાવ્રતોની બાબતમાં સાધુ સાધ્વી સમુદાયમાં શિથિલતા પેસી ન જાય તેની તકેદારી પણ રાખતાં હતાં. ક્યાંક કોઈ ક્ષતિ કે ઊણપ જુએ કે તરત જ વહાલસોયી માતાની માફક ધ્યાન દોરે. પોતાના પરિવારમાં પણ ધર્મમર્યાદા જળવાય તે માટે સદૈગ જાગ્રત રહેતા અને અભક્ષ્ય ભક્ષણ ન થાય તેની સાવચેતી રાખતાં. આવા હતાં ધર્મમાતા સમા ગંગામા !

('જિનશાશનની કીર્તિ ગાથા' પુસ્તકમાંથી)

# આ ઈતિહાસ છે !

## શત્રુંજય તીર્થનો વહીવટ અને રક્ષણ

આ તીર્થના વહીવટ સંરક્ષણ અને સંવર્ધનમાં ગુજરાતના સંઘો જેવા કે પાટણ-ધોળકા, ખંત-રાધનપુર, સુરત, અમદાવાદ વગેરેનો મોટો ફાળો રહ્યો છે. આમ, તો સમગ્ર ભારતભરના સંઘોના સાથ એ સહકારથી જ તીર્થનો વિકાસ થયો છે. સોલંકીકાળમાં આ તીર્થનો વહિવટ પાટણના જૈન સંઘના શ્રેષ્ઠિ મહાજનો અને મંત્રીઓ કરતા હતા. વાઘેલા શાસન દરમ્યાન એટલે કે વસ્તુપાલ-તેજપાલના સમયમાં આ સમગ્ર વહીવટ ધોળકાથી થતો હતો. ત્યારબાદ મોગલકાળમાં રાધનપુર-ખંભાત તથા અમદાવાદના અગ્રણી જૈન શ્રેષ્ઠિઓ કરતા રહ્યા. શાંતિદાસ શેઠના સમયમાં અને ત્યારબાદ અમદાવાદના શ્રેષ્ઠિઓ જ વહીવટ કરતા રહ્યા. અંદાજે વિ.સ. ૧૭૮૭થી અમદાવાદ સ્થિત જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આ તીર્થનો વહીવટ વિધિવત્ સંભાળ્યો અને પછી તો એ પેઢી વિ.સં. ૧૯૬૮ ઈ.સ. ૧૯૧૨ થી ભારતભરના સમગ્ર શ્વેતાંબર જૈન સંઘનું પ્રતિનિધિત્વ કરનારી બની. તીર્થના વિકાસ ક્રમની સક્રિય સહયોગી બની અને સંરક્ષણ-સંવર્ધનની જવાબદારી જે એ વરસોથી સંભાળતી હતી તેને આગળ વધારી.

મોગલકાળમાં આ મહાતીર્થની રક્ષા માટે આચાર્ય ભગવંતો, શ્રેષ્ઠિ મહાજનો અત્યંત ચિંતિત હતા. જગદ્ગુરૂ હીરવિજયસૂરિજી તથા તેમના પ્રતિભાશાળી પ્રભાવી શિષ્યો, સૂરિસવાઈ વિજયસેનસૂરિજી, વિજયદેવસૂરિજી, ઉપાધ્યાય શાંતિચંદ્રજી, ઉપાધ્યાય ભાનુચંદ્રજી, ઉપાધ્યાય સિદ્ધિચંદ્રજી વગેરેના સતત ઉપદેશ, પ્રેરણા અને આશીર્વાદથી આ તીર્થની માલિકી તથા વહીવટના તમામ અધિકારો મોગલ બાદશાહ મહાન અકબર દ્વારા હીરવિજયસૂરિજીના નામે ફરમાનો આપીને જાહેર કરાયા હતા. કોઈપણ પ્રકારના વેરા કે ટેક્સ વગેરે લેવાની મનાઈ પણ કરવામાં આવી હતી. અકબર પછીના તત્કાલીન મુગલ બાદશાહોના દરબારી ઝવેરી તરીકે જાણીતા અમદાવાદ શાહ સોદાગર અને જૈન શ્રાવક પરંપરાના મોભી અગ્રણી શેઠ શાંતિદાસ શેષકરણ ઝવેરીથી પ્રભાવિત

અને પ્રસન્ન રહેનારા જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ, ઔરંગઝેબ વગેરેએ તો શત્રુંજય વગેરે ૭ તીર્થો શાંતિદાસને ભેટ રૂપે આપ્યાના ફરમાનો જારી કર્યા હતા. 'શત્રુંજયની તમામ આવક-ઉપજ અને મહેસૂલ ઉપરનો અધિકાર શાંતિદાસ શેઠનો અને એના વંશજોનો છે' એવા લખાણો કરાયા હતા.

મુગલ સલ્તનતના વળતા પાણી થવાની સાથે દેશી નાના-નાના રાજ્યો પોતાની સત્તા, પોતાનો વિસ્તાર વધારવાની પેરવી કરવા લાગ્યા. આ બાજુ અંગ્રેજો / ફિરંગીઓ વગેરે એક પછી એક રાજ્યો પર અધિકાર જમાવવા લાગ્યા. એવાં સમયે અધિકારના પ્રશ્નો મુગલ ફરમાનોનું બહુ વજન કે મહત્ત્વ રહેશે નહી. આવી વાસ્તવિક સમયજ્ઞતાને ધરાવનારા, સમયના આગોતરા પારખું શાંતિદાસ શેઠે તત્કાલીન ગોહિલવાડ (સૌરાષ્ટ્રમાં ભાવનગર આસપાસનો વિસ્તાર)ના ઠાકુર રાજવી કાંધલ જોડે વિ.સં. ૧૭૦૭ના કારતકવદ ૧૩ના દિવસે શત્રુંજય તીર્થના રખોપાનો બહુ મહત્ત્વપૂર્ણ કરાર કર્યો. આ કરાર કરતી વખતે અમદાવાદના વીશા શ્રીમાળી જ્ઞાતિના બે ધુરંધર બંધુઓ શાહ રતનજી અને શૂરાને એમણે સાથે રાખ્યા. જો કે એ પહેલા કરારમાં કોઈ નિશ્ચિત રકમ આપવાની વાત નહોતી પણ વારે તહેવારે, પ્રસંગોપાત્ પહેરામણી રૂપે વસ્તુઓ, રોકડા રૂપિયા વગેરે આપવાની ગોઠવણ હતી. આ કરાર ૧૭૦ વર્ષ જેટલા દીર્ઘ સમય સુધી પરસ્પરની સમજૂતિ અને વિશ્વાસના સુદ્રઢ પાયા ચાલુ રહ્યો. ત્યારબાદ વિ.સં. ૧૮૭૮ થી ૧૯૭૨ ઇ.સ. ૧૮૨૧ થી ૧૯૨૮ સુધી પાલીતાણાના જે તે રાજવી ઠાકોર સાથે અન્ય ચાર કરારો થયા જેમા દર વરસે નિશ્ચિત રકમ આપવાની ગોઠવણ હતી. આમ વ્યવસ્થા જળવાઈ રહી.

| કરાર | વિ.સં. | ઇ.સ. | કરારના વર્ષ | કરારની રકમ |
|---|---|---|---|---|
| 2 | 1888 | 1821 | 10 | રૂ. 4500 |
| 3 | 1919 | 1863 | 10 | રૂ. 10000 |
| 4 | 1942 | 1886 | 40 | રૂ. 15000 |
| 5 | 1974 | 1928 | 34 | રૂ. 60000 |

આ બધા કરારો પાલીતાણાના જે તે વખતના ઠાકોર સાથે પેઢી અને શ્રાવકો વતી કરવામાં આવ્યા હતા.

પહેલો કરાર લગભગ ૧૭૦ વરસ જેટલા લાંબા સમય સુધી ચાલ્યો. બીજો કરાર પણ ૪૦ વર્ષ જેટલો લાંબો રહ્યો. ત્રીજા કરાર પછી ૨ વર્ષ મૂંડકાવેરાની પરિસ્થિતિ સર્જાઈ. ચોથો કરાર પૂરો થતા વળી મૂંડકાવેરાની સ્થિતિ ચાલુ થઈ.

## બે વરસ શત્રુંજયની યાત્રા બંધ રહી

વિ.સ. ૧૯૮૨મા પાલીતાણાના તત્કાલીન ઠાકોર સાહેબ બહાદુરસિંહજીની આડોડાઈ અને જોહુકમીના કારણે મુંડકા વેરા જેવો યાત્રિક દીઠ ટેક્ષ લાદવાનો નિર્ણય લેવાયો. આણંદજી કલ્યાણજી પેઢીના અગ્રણીઓના અનુરોધથી ભારતભરના તમામ જૈન સંઘોએ આનો સખત વિરોધ કર્યો અને શત્રુંજયની યાત્રા કરવાનું બંધ રાખ્યું. આ એક બહુ જ દુઃખદ નિર્ણય હતો પણ એ વખતે ભારતભરના શ્વેતાંબર જૈનોના સંપ અને એકતાના પ્રતાપે એ શક્ય બન્યું. **વિ.સ. ૧૯૮૨ ચૈત્ર વદ ૩, ગુરુવાર, ૧-૪-૧૯૨૬ થી વિ.સં. ૧૯૮૪ જેઠ સુદ ૧૩, શુક્રવાર તા. ૧-૬-૧૯૨૮ સુધી જડબેસલાક રીતે યાત્રા બંધ રહી** પાછળથી પાલીતાણા ઠાકોરને વાર્ષિક રૂપિયા ૬૦ હજાર આપવાના કરારપૂર્વક સમાધાન થયું અને વિ.સં. ૧૯૮૪ જેઠ સુદ ૧૩, શુક્રવાર ૧-૬-૧૯૨૮થી તીર્થાધિરાજની યાત્રા ફરી પ્રારંભ થઈ. જો કે દેશ આઝાદ થયા પછી તો તત્કાલીન સૌરાષ્ટ્ર સરકારે બધા જ કરારો રદ કર્યા અને યાત્રા સહુજન માટે સુલભ બની.

શત્રુંજય-પાલીતાણા એ જોયેલી તડકી-છાંયડીનો ઇતિહાસ રોમાંચક છે, દુઃખદ છે અને ક્યાંક આઘાત પમાડે તેવો પણ છે.

**(સંકલન : ભબાવિ)**

# જ્ઞાનભંડારોને સહયોગ

ચતુર્વિધ શ્રી સંઘની સેવામાં સદેવ કાર્યરત શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વિવિધ કાર્યોમાં એક કાર્ય છે જૈન સંઘની શ્રુતસંપદાનું સંરક્ષણ કરવું એના માટે સહયોગી બનવું. શ્રુતવારસો એ આપણી જીવાદોરી છે આપણા જ્ઞાની ગુરુદેવો અને શ્રધ્ધાસંપન્ન શ્રાવક-શ્રાવિકાઓએ આ શ્રુતના નિર્માણ અને સંગ્રહ-સંરક્ષણ માટે બહું મોટો ફાળો આપ્યો છે. એના જીવંત પુરાવા છે આપણી જ્ઞાનભંડાર વ્યવસ્થા અને આપણા જ્ઞાનભંડારો. આપના સંઘમાં જે જ્ઞાનભંડાર છે, એની સાચવણી-જાળવણીમાં આપે કરેલો પરિશ્રમ અનુમોદનીય છે, પ્રશંસનીય છે. આપની આ પ્રવૃત્તિમાં પેઢી સહયોગી બનવા માંગે છે. હાલના તબક્કે નીચેનું આયોજન વિચાર્યું છે.

આપના સંઘના જ્ઞાનભંડારોની આવશ્યકતાઓ જેવી કે કબાટો, ઘોડાઓ, હસ્તપ્રતોની સાચવણી માટેના દાબડાઓ તથા અન્ય સામગ્રી પૂરી પાડવા માટે જ્ઞાનદ્રવ્યનો આર્થિક સહયોગ કરવો.

જો પ્રત, પુસ્તકો વગેરેની સૂચિ ના હોય તો બનાવવી.

જ્ઞાન ભંડારની સાફસૂફી-વ્યવસ્થા નિયમિત થાય એવી સ્થાનિક વ્યવસ્થા ગોઠવાય, એના માટે જરૂરી ખર્ચમાં સહયોગી બનવું.

આ માટે અમે એક ફોર્મ બનાવ્યું છે. આના દ્વારા જ્ઞાનભંડારોનું એક સામાન્ય સર્વેક્ષણ થઈ શકશે. આપ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને આ ફોર્મ ભરીને અમનો મોકલી આપશો. આપના ફોર્મના આધારે પેઢીનો શ્રુત સંરક્ષણ વિભાગ નિર્ણય કરીને શક્ય તમામ સહયોગ આપ સુધી પહોંચાડવા પ્રયત્ન કરશે.

**શ્રુત-સંરક્ષણ વિભાગ**

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી,**

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭**

## પેઢીએ પ્રકાશન ક્ષેત્રે આપેલું યોગદાન

# પેઢી દ્વારા પ્રકાશિત વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| (૧) | પેઢીનો ઈતિહાસ ભાગ ૧ | રૂ. ૫૦ |
| (૨) | પેઢીનો ઈતિહાસ ભાગ ૨ | રૂ. ૫૦ |
| (૩) | શત્રુંજય ટૂંક (પરિચય પુસ્તિકા) | રૂ. ૨ |
| (૪) | શત્રુંજય પ્રતિષ્ઠા અહેવાલ | રૂ. ૧૫ |
| (૫) | પાલીતાણા (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| (૬) | રાણકપુર (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| (૭) | પાણીતાણા, તારંગા, ગિરનાર, રાણકપુર (પોસ્ટર્સ) પ્રત્યેકના | રૂ. ૩૦ |
| (૮) | શ્રી રૂષભદેવ ભગવાનના ફોટોસેટ | રૂ. ૩૦ |
| (૯) | ત્રિભુવનતિલકશ્રી રાણકપુર તીર્થ | રૂ. ૬૦ |
| (૧૦) | તારંગા તીર્થ | રૂ. ૬૦ |
| (૧૧) | ખંભાતના જિનાલય | રૂ. ૨૦૦ |
| (૧૨) | પાટણના જિનાલય | રૂ. ૨૫૦ |
| (૧૩) | વડોદરાના જિનાલય | રૂ. ૩૦૦ |
| (૧૪) | પાલીતાણા શત્રુંજય (મોટું પોસ્ટર) | રૂ. ૧૦૦ |
| (૧૫) | રાણકપુર તીર્થની (ડી.વી.ડી.) અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પ્રત્યેકના | રૂ. ૨૦૦ |
| (૧૬) | રાણકપુર તીર્થ – ફોટોની નાની બુક (વામા કોમ્યુનીકેશન દ્વારા પ્રસ્તુત) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂ. ૧૦૦ |
| (૧૭) | રાણપુર તીર્થ (મોટી ફોટો બુક) ગુજરાતી, હિન્દી, અંગ્રેજી (વામા કોમ્યુનીકેશન દ્વારા પ્રસ્તુત) | રૂ. ૧૮૦૦ |

**પેઢી દ્વારા ભૂતકાળમાં પ્રકાશિત પણ વર્તમાનમાં અનુપલબ્ધ સાહિત્યની સૂચી**

| | | |
|---|---|---|
| (૧) | જેમ્સ બર્ગેસનું વોલ્યમ (અપ્રાપ્ય) | રૂ. ૫૦૦ અંગ્રેજી |
| (૨) | જૈન તીર્થસ્થાનનો નકશો (કેનવાસ ઉપર) | રૂ. ૧૫ |
| (૩) | જૈન તીર્થસ્થાનનો નકશો (કાગળ ઉપર) | રૂ. ૮ |
| (૪) | રાણકપુર તીર્થની (પરિચય પુસ્તિકા) (હિન્દી, ગુજરાતી, અંગ્રેજી) | રૂ. ૧૦ |
| (૫) | તીર્થંકર ભગવાન મહાવીર ભાગ ૧-૨ | રૂ. ૧૦૦ હિન્દી |
| (૬) | તારંગા (ફોટોસેટ) | રૂ. ૧૫ |
| (૭) | ગિરનારજી (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| (૮) | રાણકપુર મોટું પોસ્ટર | રૂ. ૩૦ |
| (૯) | રાણકપુર નાનુ પોસ્ટર | રૂ. ૧૫ |
| (૧૦) | રાજનગરના જિનાલયો | રૂ. ૧૫૦ |
| (૧૧) | સુરતના જિનાલય (વેચાણ નથી) | રૂ. ૨૫૦ |
| (૧૨) | ઉજ્જયંતગિરિ (ગિરનાર તીર્થ) | રૂ. ૬૦ |
| (૧૩) | કુંભારીયા તીર્થ | રૂ. ૪૫ |
| (૧૪) | મેવાડ તીર્થ | રૂ. ૪૫ |
| (૧૫) | વરકાણા તીર્થ | રૂ. ૪૫ |
| (૧૬) | જૈસલમેર તીર્થ | રૂ. ૪૫ |
| (૧૭) | આબુ દેલવાડા તીર્થ | રૂ. ૧૦૦ |
| (૧૮) | સિદ્ધ હેમચંદ્રવ્યાકરણ | રૂ. ૧૭ |
| (૧૯) | Sri Kumbharia (English) | રૂ. 1,000 |

*રાણકપુર મહાતીર્થના દર્શનાર્થે જનારા વિદેશી પ્રવાસીઓ માટે તીર્થ તથા જિનાલયની ઓડિયો ટૂર શ્રાવ્યયાત્રા ની વ્યવસ્થા તા. ૧૯-૧૨-૧૩થી આરંભ થાય છે. આ ઓડિયો ટૂરમાં અંગ્રેજી, હિન્દી, ફ્રેન્ચ, જર્મન તથા સ્પેનિશ ભાષામાં તીર્થ તથા જિનાલય અંગેની માહિતી ઐતિહાસિક મહત્ત્વ અને જિનાલયના વિવિધ કલાત્મક પાસાઓની જાણકારી ઉપલબ્ધ હશે.*

# સમાચાર સાર

પાલીતાણા ખાતે આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટ હસ્તકના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય (જશકુંવર ધર્મશાળા)નો શિલાન્યાસ વિધિના આયોજન પ્રસંગે પાલીતાણા સ્થિત પૂજ્ય આચાર્યભગવંતો, પદસ્થ મુનિવરો અને અન્ય પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોને સવિનય વિનંતી કરવામાં આવી હતી.

જો કે વરસાદના સતત મારાનાં કારણે આયોજન કપરું બની ગયું પણ પેઢીના ટ્રસ્ટીઓ, કાર્યકરો અને અન્ય સહુના સહયોગથી ભારે દોડધામ સાથે પણ નક્કી કર્યા મુજબ અષાઢ સુદ ૫, શનિવાર, ૧૩-૭-૨૦૧૩ના દિવસે વહેલી સવારે મંગળ મુહૂર્ત સ્નાત્રપૂજા, નવગ્રહ પૂજન વિગેરે મંગળકારી વિધિ વિધાન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. સુંદર રીતે શણગારેલા મંડપમાં પ્રભુજીની પ્રતિમાસમક્ષ વિધિ કારકની હાજરીમાં તમામ વિધાનો સંપન્ન થયા. પરમપૂજ્ય આચાર્યભગવંત રાજયશસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય અનેક આચાર્ય ભગવંતો, પદસ્થ ગુરુભગવંતો તથા ચતુર્વિધ સંઘની નિશ્રામાં નવશિલાઓની સ્થાપનાનો વિધિ, શાસ્ત્રોક્ત ક્રિયા પૂર્વક સંપન્ન થયો. ગુરૂ ભગવંતના આશીર્વાદપૂર્વક ટ્રસ્ટીઓ દ્વારા પ્રસંગના લાભાર્થી પરિવારો તથા વિધિકારક પંડિતવર્યશ્રીનું બહુમાન કરવામાં આવ્યું. છેલ્લે બુંદીના લાડવાની પ્રભાવના સાથે કાર્યક્રમ સમાપન થયો. વરસાદના સતત વિઘ્ન છતાંયે શાસન દેવતા અને ક્ષેત્રદેવતાની કૃપાના બળે સમગ્ર કાર્યક્રમ નિર્વિઘ્ને સંપન્ન થયો.

## ગિરનારની તળેટીમાં નૂતન જયતળેટીના નવનિર્માણનું આયોજન

મહાતીર્થ ગિરનારની તળેટીમાં નૂતન જયતળેટીના નવનિર્માણના આયોજનની અંતર્ગત આ મહાતીર્થના વિકાસ, સંરક્ષણ અને આરાધના માટે સદેવ સર્વ રીતે તત્પર પરમપૂજ્ય ત્યાગી-તપસ્વી પન્યાસ પ્રવરશ્રી ધર્મરક્ષિત

વિજયજી ગણિવર આદિ શ્રમણ શ્રમણીભગવંતોની પુણ્યમયી નિશ્રામાં જયતળેટીનો (ભૂમિપૂજન તથા ખનનવિધિ વિ.સં. ૨૦૬૯, વૈશાખસુદ ૬, ૧૬-૫-૨૦૧૩ના રોજ સંપન્ન થયો હતો. એજ સ્થાને) શિલાસ્થાપનનાનો સુંદર પ્રસંગ વિ.સં. ૨૦૬૯, આષાઢ સુદ-૬, રવિવાર, ૧૪-૭-૨૦૧૩ના દિવસે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં સંપન્ન થયો હતો. જુદા જુદા સ્થળોના અનેક પુણ્યશાળી પરિવારોએ આ સમગ્ર આયોજનનો લાભ લીધો હતો. તમામ વ્યવસ્થા પેઢી તરફથી રાખવામાં આવી હતી. પેઢીના પ્રમુખ હોદ્દેદારો આ પુનિત પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**પરમ પવિત્ર શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર તીર્થાધિપતિ મૂળનાયક આદેશ્વર ભગવાન, પરમ ગણધર શ્રી પુંડરિક સ્વામી, રાયણવૃક્ષ - પગલાં, વગેરેના અઢાર અભિષેકનો પાવનકારી ઉત્સવ વિક્રમ સંવત ૨૦૭૦, ફાગણ (ચૈત્ર) વદ ૮, તા. ૨૪-૩-૨૦૧૪ સોમવારના દિવસે આયોજિત કરવામાં આવેલ છે.**

આ અંગેની બોલીઓ-ચઢાવા કારતક સુદ-૧૪,શનિવાર, તા. ૧૬-૧૧-૨૦૧૩ના રોજ ભાતાઘર - જય તળેટી ખાતે ચતુર્વિધ સંઘની પુણ્યમયી ઉપસ્થિતિમાં ભારે ઉત્સાહપૂર્વક બોલવામાં આવી હતી. જેમાં નિમ્ન મહાનુભાવોએ પોતાની વિનશ્વર લક્ષ્મીનો સદુપયોગ કરીને આદેશો ગ્રહણ કર્યા હતા.

(૧) શ્રી હુલાસચંદજી પ્રમોદજી, ચેન્નઈ

(૨) શ્રી ચીનુભાઈ મુળચંદભાઈ માલાણી, નવસારી

(૩) શ્રી અજારીમલજી છોગાલાલ બોકડીયા પરિવાર, મુંબઈ

(૪) શ્રી મહેશભાઈ જયંતિલાલ, હ. નિપુણભાઈ, ખંભાત

(૫) શ્રી ગિરિરાજ દાદા પરિવાર, હ. નિપુણભાઈ, મુંબઈ

(૬) શ્રી ગિરિરાજ દાદા પરિવાર, હ. નિપુણભાઈ, મુંબઈ

(૭) શ્રી રીખવચંદ ત્રિભોવનદાસ દોશી, રમેશભાઈ કે. સંઘવી, મુંબઈ

(૮) શેઠશ્રી નવિનભાઈ છોટાલાલ / રમેશભાઈ કે.સંઘવી, મુંબઈ
(૯) શ્રી વાલચંદ છગનલાલ શેઠ, મુંબઈ
(૧૦) શ્રી મોહનલાલ ભેરમલજી સંઘવી, ભોરલતીર્થ
(૧૧) સંઘવી હજારીમલજી છોગાજી વાકંડિયા, મુંબઈ
(૧૨) શ્રી દાદા પરિવાર, વોરા એવમ્, દોશી પરિર, હ. સુરેશભાઈ વીરવાડીયા,
(૧૩) શ્રી કલ્પેશભાઈ વનમાળીદાસ, અમદાવાદ
(૧૪) દાદા પરિવાર, હ. સુરેશભાઈ વીરવાડીયા, ભોરલતીર્થ
(૧૫) દાદા પરિવાર, હ. સુરેશભાઈ વીરવાડીયા, ભોરલતીર્થ
(૧૬) શેઠશ્રી યશવંતભાઈ કુંદનમલજી, મુંબઈ
(૧૭) શ્રી સંઘવી હજારીમલજી છોગાજી, મુંબઈ
(૧૮) શેઠશ્રી પ્રવિણચંદ્ર કાંતિલાલ તથા લાલભાઈ એન. શાહ વખારીયા, મુંબઈ
(૧૯) શ્રી રહીબેન મંગળદાસ નાથાલાલ પામોલ, હ. લાલભાઈ મંગલદાસ શાહ, અમદાવાદ

## અનુમોદનાની આલબેલ !

**શ્રી શત્રુંજય ગિરિરાજની સેવા યોજનામાં વિ.સં. ૨૦૬૮ ના વર્ષમાં ૯૦૦ જેટલા સ્વયંવકો એ સેવા - ભક્તિની ધૂણી-ધખાવી હતી. તો વિ. સં. ૨૦૬૯માં ૧૬૫૦ જેટલા સ્વયંસેવકો એ તીર્થ ભક્તિના અભિયાનમાં જોડાઈએ સહયોગી બન્યા હતા. આ સમગ્ર અભિયાન માટે લગભગ ૨૭૦૦ જેટલા સ્વયંસેવકોની આવશ્યકતા રહેતી હોય છે.**

**સહભાગી થનારા સહુ સ્વયંસેવકોને ભાવભર્યા અભિનંદન**

**- આણંદજી કલ્યાણજી : પાલીતાણા**

# પવિત્ર શત્રુંજય ગિરિરાજની યાત્રાર્થે આવતા યાત્રિકો માટે મહત્વના નિયમો

(૧) **મોબાઈલ કેમેરા અંગે**

(૧) યાત્રા દરમ્યાન મોબાઈલ / કોઈપણ પ્રકારના કેમેરા લઈ જવા નહીં.

(૨) ગિરિરાજ ઉપર અશાતના તથા સુરક્ષાના કારણોસર ગઢની અંદર ફોટોગ્રાફી / વિડિયોગ્રાફી સદંતર બંધ છે.

(૩) ગિરિરાજ ઇન્સ્પેક્ટર ઓફિસ સાથે મોબાઈલ અનામત રાખવાની વ્યવસ્થા છે. મોબાઈલ સાથે રાખેલ હોય તો સ્વીચ ઓફ રાખવા વિનંતી છે.

(૪) દેરાસર પરિસરની અંદર યાત્રિકો મોબાઈલ અથવા કેમેરા વાપરતા માલુમ પડશે તો સિક્યોરિટી / પેઢીનો સ્ટાફ, માનનીય યાત્રિકભાઈ / બહેનને દેરાસર પરિસરની બહાર કાઢશે જેની દરેકે નોંધ લેવા વિનંતી.

(૨) **પહેરવેશ અંગે**

➠ ગિરિરાજની યાત્રા દરમ્યાન બરમૂડા, હાફપેન્ટ તથા બહેનોને સ્લીવલેસ જેવા કપડા પહેરીને દેરાસર પરિસરમાં પ્રવેશ આપવામાં આવશે નહિ. બહેનોએ ડ્રેસ સાથે દુપટ્ટાનો ઉપયોગ ખાસ કરવો.

(૩) **પ્લાસ્ટિક બોટલો તથા કોથળીઓ અંગે**

➠ પવિત્ર ગિરિરાજ ઉપરના રસ્તે તથા ગિરિરાજના ગઢમાં આશાતના અને પ્રદૂષણને ધ્યાનમાં રાખી પ્લાસ્ટીકની કોથળી કે પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ ફેંકવી નહી. ખાલી પ્લાસ્ટીક બોટલો અને પ્લાસ્ટીકની કોથળીઓ વિ. યાત્રિકોએ પોતાની સાથે નીચે પાછી લાવવી અને યાત્રા સમાપન બાદ નીચે યોગ્ય નિકાલ કરવો.

➠ જન્મ જન્માંતરના સંચિત કર્મોની નિર્જરા કરવા માટેની આ તીર્થયાત્રા - સ્પર્શના દરમ્યાન ક્યાંય અજાણતાયે આશાતના ના થાય, તીર્થમાં કર્મબંધ ના થાય એની સાવધાની આપણે સહુએ રાખવાની છે.

**"તીર્થ તો તારે છે પણ આશતના મારે છે**
**માટે સમજુ અને શાણા યાત્રી કાળજી વધારે છે !"**

## 'સ્વચ્છ મારો શત્રુંજય'

### શાશ્વત ગિરિરાજ શત્રુંજયની સેવા-ભક્તિ કરવા માટેનો

# 'અપૂર્વ અવસર'

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી આપને આમંત્રિત કરે છે !

*"જેના સહારે ક્રોડ તરિયા,*

*મુક્તિ મુજ નિશ્ચય સહી"*

આવા ભાવ સાથે આ ગિરિરાજનું સ્મરણ પણ જન્મજન્માંતરના પાપોને પ્રજાળે છે, નષ્ટ કરે છે. તો પછી સાક્ષાત્ એ પર્વતાધિરાજની વિવિધ પ્રકારે સેવા કરવાનો અવસર મળે તો એ કેવું સદ્‌ભાગ્ય ગણાય !

આરાધના અને ઉપાસના

અહોભાવપૂર્વકની ભક્તિ અને સાધનાના અનંતઅનંત પરમાણુઓ જ્યાં ઠાંસીઠાંસીને ભર્યા છે. એવા સિદ્ધગિરિની સ્પર્શના કરવાનો આવો મોકો ક્યાં મળશે ?

જરી વિચારો

જિંદગીના વરસો આળ પંપાળમાં વહે છે, જંજાળમાં જાય છે. બિનજરૂરી કર્મબંધ કરીને આત્મા પાપોથી ભારે થાય છે.

થોડોક સમય કાઢીએ... આ તીર્થાધિરાજની સેવા ભક્તિ કરીને આપણા આત્માને હળવો બનાવીએ ! તીર્થ તો સર્વશ્રેષ્ઠ છે...પૂજ્ય છે... આરાધ્ય છે ! આજે તીર્થ વ્યવસ્થાનો સાદ છે ! સમગ્ર જૈન સંઘના શ્રદ્ધાના કેન્દ્ર સમા આ મહાતીર્થના પરમપાવન દેરાસરો, એની પુણ્યમયી ધરતી આ બધાને સાફ-સ્વચ્છ અને સુંદર બનાવવાના સેવાયજ્ઞમાં આપનો નાનકડો સહયોગ આપો !

આ સેવા યજ્ઞમાં શ્રી સંઘના સેવાભાવી સશક્ત યુવા ભાઈઓનો સહકાર અમને અપેક્ષિત છે. ગિરિરાજ ઉપરના ૧૪ સ્થાનો જેમાં દાદાના ગર્ભગૃહના દ્વારાથી માંડીને નવટૂંકોના વિસ્તાર સુધીનો ભાગ આવી જાય છે એવી ઉર્જાથી સભર પર્વતીય

ધરતીના ધબકારને ઝીલવા માટે આવો !

આજે જ પેઢીનો સંપર્ક કરીને આ સેવાયજ્ઞ માટે તમારું નામ નોંધાવો !

તમારી તમન્ના... તમારો સેવાનો ભાવ...

તમારો થોડોક સમય તીર્થના વાતાવરણને સાફ-સુથરું અને સ્વચ્છ બનાવવામાં સહયોગ આપશે !

આ સાથેનું ફોર્મ વાંચો, ભરીને મોકલાવો...

બીજા ફોર્મ મંગાવો... અન્યોને પ્રેરણા કરો !

## આણંદજી કલ્યાણજી પેઢીની આપ સહુને દર્દભરી અપીલ

આપણા સકળ શ્રી સંઘની શ્રદ્ધાનું કેન્દ્ર શત્રુંજય ગિરિરાજ... તળેટીથી માંડીને દાદાના શિખર કે નવટૂંક અને ઘેટી પાગ સુધીનો વિસ્તાર પ્લાસ્ટિક મુક્ત બને એ માટે પ્રયત્ન કરીએ ! નાના મોટા ડબલા-ડબીઓ, પાણીની બોટલો, ઝબલા-થેલીઓ કે અન્ય કોઈ રૂપે પ્લાસ્ટિકના ઉપયોગને સખ્તાઈથી બંધ કરવાનો સમય આવી પહોંચ્યો છે.

*'પ્લાસ્ટિક મુક્ત મુક્ત પાલીતાણા'*

*'પ્રદુષણ મુક્ત પર્વતાધિરાજ'*

*'શુદ્ધ-સ્વચ્છ સિદ્ધાચલ'*

*'નિર્મળ મારો શત્રુંજય'*

ચાલો, આવો અભિયાન છેડીએ... એક મિશન બનાવીને મંડી પડીએ ! કોઈપણ જાતની ફેંકવી પડે એવી પ્લાસ્ટિકની ચીજોને ગિરિરાજ ઉપર તો કમ સે કમ ના લઈ જઈએ ! અહીં-તહીં ના ફેંકીએ ! અને ગિરિરાજથી ઉતરતી વખતે દરેક યાત્રિક જો ૧૦ પ્લાસ્ટિકના આવા ફેંકાયેલા ઝબલા-ડબલા, પાણીની બોટલો ને ભેગા કરીને નીચે લઈ આવે... કચરાના ડબ્બામાં પધરાવે તો પછી જુઓ સ્વચ્છ શત્રુંજયનો આ અભિયાન કેવો રંગ લાવે છે !

## આ ફોર્મ ભરીને પેઢીની અમદાવાદ ઓફિસ ઉપર પહોંચતું કરવાનું રહેશે.

### સૂચના

(૧) સેવાર્થી સ્વયંસેવક તેમને આપવામાં આવેલ સેવાની તારીખના આગલા દિવસે સાંજના ૫-૦૦ કલાક સુધીમાં સંબંધિત તીર્થ સ્થળે પહોંચવાનું રહેશે.

(૨) સેવા માટે નિયત સ્થાન પર સંપૂર્ણ ૩ દિવસ સેવા આપવાની રહેશે.

(૩) આવવા જવાનો સંપૂર્ણ ખર્ચ સ્વયં ભોગવવાનો રહેશે. રહેવા તથા પેઢી તરફથી ભક્તિરૂપે જમવાની વ્યવસ્થા આપવામાં આવશે.

(૪) જો આપને ગ્રુપમાં ફોર્મ ભરવું હોય અને સાથે સેવા કરવા પધારવું હોય તો ઉપરોક્ત ફોર્મ મુખ્ય ગ્રુપ લીડરનું ભરવું અને બાકીના સભ્યોના પણ ફોર્મ ભરીને મોકલવા. આ માટે પેઢી પાસેથી બીજા ફોર્મ મંગાવવા અથવા ફોર્મની ઝેરોક્ષ કઢાવી લેવી.

(૫) શ્રી ગિરનારજી અને રાણકપુર જેવા તીર્થોમાં પણ સેવા અભિયાનની યોજના છે. આ અંગે પેઢીનો સંપર્ક કરવા વિનંતી છે.

→ **વધુ વિગત માટે ફોનથી સંપર્ક કરો :**

શ્રી મહેન્દ્રભાઈ ડી. શાહ (ડી.જી.એમ.) ૦૯૪૨૬૩૫૮૯૭૯

શ્રી દિલીપ એસ. પંચાલ (આસી. મેનેજર) ૦૯૪૨૮૦-૦૦૬૦૩

*ગરવાં ગિરિરાજની ગરિમાના માત્ર ગુણગાન નહીં પણ એની આનબાન અને શાનને સાચવવાનો સેવા અભિયાન !*

॥ નમો આદિ જિનેશ્વરમ્ ॥

# શેઠ આણંદજી કલ્યાણજી

"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન", ૨૫, વસંતકુંજ, નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ.૩૮૦ ૦૦૭. • ફોન : ૨૬૬૦૮૨૪૪-૫૫, ૨૬૬૦૪૮૨૭, ૨૬૬૪૪૫૦૨, ૨૬૬૪૫૪૩૦ • E-mail : shree_sangh@yahoo.com

## તીર્થાધિરાજશ્રી શત્રુંજય સેવાનો અપૂર્વ અવસર

## શાશ્વત ગિરિશત્રુંજયની સેવા અરજી પત્ર

ફોર્મ નં. ______

નામ : ____________________ ઉંમર ______

ગામ : ____________________ પીનકોડ ______

સરનામું : ____________________

ફોન નં. (ઓ) ______ (ઘર) ______ (મો) ______

ઈ-મેલ : ____________________

શૈક્ષણિક લાયકાત : ______ પરિણિત/ અપરિણિત ______

વ્યવસાય : ____________________

સ્થાનિક સંઘના સભ્ય હો તે સંઘનું નામ : ____________________

પહેલાં આપ સેવામાં જોડાયેલ હતા ? ____________________

સંઘનો સિક્કો

ગિરિરાજ સેવા બાબતોના નિયમોની મને સંપૂર્ણ જાણકારી છે અને હુ સેવા કાળ દરમિયાન શાસનને, તીર્થને અને તીર્થની વહીવટદાર પેઢીને સંપૂર્ણ વફાદાર રહીશ.

તારીખ : ______ સહી : ______

## ગિરનાર મહાતીર્થ ની જય તળેટીના ભૂમિપૂજન તથા શિલાસ્થાપન તા. ૧૨-૭-૨૦૧૩ પ્રસંગો




ભૂમિપૂજન
તથા
ભૂમિખનન
તા. ૨૨-૫-૨૦૧૩
વૈશાખ વદ ૧૨

ભૂમિખનન પૂજન
પ્રસંગે ઉપસ્થિત
સકળ શ્રી સંઘ






શિલાસ્થાપન
તા. ૧૪-૭-૨૦૧૩

શિલાસ્થાપન
વિધિ સમારોહ



**BOOK - POST**

*To,*


**આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**

**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

**E-mail : anandkalyanmagazine@gmail.com**